# ડિજિટલ યુગમાં તમારી અંગત ઓળખ-પ્રાઈવસીની સુરક્ષા

## AI પ્રોમ્પ્ટ્સથી ઓનલાઈન ડેટા રિમૂવલ કેટલું વાસ્તવિક?

### ઈન્ટરનેટ પર ફેલાયેલી અંગત માહિતી શોધવા/દૂર કરવા ઉપયોગી

**ડેટા બ્રોકર્સ અને 'પીપલ સર્ચ સાઇટ્સ' તરીકે ઓળખાતાં પ્લેટફોર્મ્સ વિવિધ સ્રોતોમાંથી વ્યક્તિગત માહિતી એકત્રિત કરે છે**

મયુર ભુસાવળકર
આઈટી એક્સપર્ટ

આજના ડિજિટલ યુગમાં વ્યક્તિની ઓળખ માત્ર આધાર કાર્ડ, પાન કાર્ડ કે અન્ય સરકારી દસ્તાવેજો પૂરતી મર્યાદિત રહી નથી. નામ, મોબાઈલ નંબર, ઈમેલ આઈડી, સરનામું, વ્યવસાય, સોશિયલ મીડિયા પ્રોફાઈલ અને ઓનલાઈન પ્રવૃત્તિઓ પણ ડિજિટલ ઓળખનો મહત્વપૂર્ણ ભાગ બની ગઈ છે. કેટલીક માહિતી વ્યક્તિ પોતે જાહેર કરે છે, જ્યારે અન્ય વિગતો વિવિધ વેબસાઈટ્સ, જાહેર રેકોર્ડ્સ અને ડિજિટલ સેવાઓ મારફતે એકત્રિત થઈ શકે છે. ડ ` ટ । બ્રોકર્સ અને 'પીપલ સર્ચ સાઈટ્સ' તરીકે ઓળખાતાં પ્લેટફોર્મ્સ વિવિધ સ્રોતોમાંથી વ્યક્તિગત માહિતી એકત્રિત કરીને પ્રોફાઈલ તૈયાર કરી શકે છે. આવી માહિતીનો ઉપયોગ માર્કેટિંગ અને જાહેરાતો માટે થતો હોય છે, પરંતુ તેનો દુરુપયોગ થાય તો સ્પામ કોલ્સ, લક્ષિત ફિશિંગ, ઓળખની ચોરી અને નકલી પ્રોફાઈલ જેવા જોખમો પણ ઊભાં થઈ શકે છે. આ સંજોગોમાં AIની મદદથી ઈન્ટરનેટ પર ઉપલબ્ધ અંગત માહિતી શોધીને તેને દૂર કરાવવાનો પ્રયાસ કરી શકાય છે. જોકે, AI દરેક વેબસાઈટ પરથી માહિતી દૂર કરી શકે અથવા સમગ્ર ઈન્ટરનેટ પરથી ડિજિટલ ઓળખ સંપૂર્ણપણે ભૂંસી શકે એવો દાવો કરવો યોગ્ય નથી. તેની સફળતા સંબંધિત વેબસાઈટની નીતિ, માહિતીના મૂળ સ્રોત, કાનૂની જોગવાઈઓ અને ઉપલબ્ધ ટેકનિકલ સુવિધાઓ પર આધારિત છે.



### ●અંગત માહિતી શોધવા માટેનો AI પ્રોમ્પ્ટ

"Search the web for publicly accessible information about me. Identify data broker websites displaying my personal information. Provide verified profile URLs and official opt-out links. Do not guess or invent links."

**હેતુ: જાહેર પ્રોફાઈલ અને સત્તાવાર માહિતી દૂર કરવાની લિંક્સ શોધવી.**

### ●રિમૂવલ રિક્વેસ્ટ તૈયાર કરવાનો પ્રોમ્પ્ટ

"Draft a personalized data removal request for each verified website. Check the official privacy policy and applicable legal rights. Include only the minimum personal information necessary."

**હેતુ: વેબસાઈટની નીતિ અનુસાર સ્પષ્ટ અને વ્યવસ્થિત અરજી તૈયાર કરવી.**

### ●AI એજન્ટ માટે સુરક્ષિત સૂચના

"Help me complete the official opt-out forms. Show me the requested information and proposed submission. Ask for my approval before submitting. Stop if identity verification or CAPTCHA is required."

**હેતુ: અરજી સબમિટ કરતાં પહેલાં માહિતી તપાસવી અને મંજૂરી આપવી.**

### ●અરજીનું સ્ટેટસ ટ્રેક કરવાનો પ્રોમ્પ્ટ

"Create a tracking table with website name, profile URL, submission date, confirmation number, response deadline, current status and next action. Never mark a request successful without confirmation or reliable evidence."

**હેતુ: બાકી અરજીઓ અને આગળની કાર્યવાહીનો રેકોર્ડ જાળવવો.**

## ચાર પ્રોમ્પ્ટથી ડેટા રિમૂવલની પ્રક્રિયા સરળ બની શકે

**૧. અંગત માહિતી શોધવી:** AIને યોગ્ય પ્રોમ્પ્ટ આપીને જાહેરમાં ઉપલબ્ધ વ્યક્તિગત માહિતી, ડેટા બ્રોકર વેબસાઇટ્સ અને સંબંધિત પ્રોફાઇલની લિંક્સ શોધવાનો પ્રયાસ કરી શકાય છે. Whitepages, Spokeo અને Radaris જેવી સાઇટ્સ પર માહિતી ઉપલબ્ધ છે કે નહીં તેની તપાસ કરવામાં AI મદદ કરી શકે છે. ત્યારબાદ સંબંધિત વેબસાઇટની સત્તાવાર 'Opt-out' પ્રક્રિયા શોધી શકાય છે. Opt-out એટલે નિર્ધારિત હેતુ માટે માહિતી દર્શાવવાનું, વેચવાનું કે શેર કરવાનું બંધ કરવા વિનંતી કરવી. દરેક સાઇટની પ્રક્રિયા અલગ હોઈ શકે છે.

**૨. રિમૂવલ રિક્વેસ્ટ તૈયાર કરવી:** સંબંધિત પ્રોફાઇલની લિંક, દૂર કરવાની માહિતી અને વિનંતીનું કારણ આપીને AIની મદદથી સ્પષ્ટ અરજી અથવા ઈમેલ તૈયાર કરી શકાય છે. યુરોપિયન યુનિયનનો GDPR, અમેરિકાનો CCPA/CPRA અને ભારતનો Digital Personal Data Protection Act, 2023 જેવા કાનૂની માળખાં સંબંધિત હોઈ શકે છે. જોકે, કાયદાની લાગુ પડતી જોગવાઈઓ અને અધિકારો અલગ હોવાથી અરજી મોકલતાં પહેલાં તેની ચકાસણી જરૂરી છે.

**૩. AI એજન્ટની મદદ લેવી:** કેટલીક સુવિધાઓ ધરાવતા AI એજન્ટ વેબસાઇટ ખોલવા, ફોર્મમાં જરૂરી વિગતો દાખલ કરવા અને અરજીનું પૂર્વાવલોકન બતાવવામાં મદદ કરી શકે છે. પરંતુ CAPTCHA, ઈમેલ વેરિફિકેશન અથવા ઓળખની પુષ્ટિ જેવી પ્રક્રિયાઓમાં વપરાશકર્તાની હાજરી જરૂરી બની શકે છે. અરજી સબમિટ કરતાં પહેલાં કઈ માહિતી મોકલવામાં આવે છે તેની ચકાસણી અને સ્પષ્ટ મંજૂરી આપવી જોઈએ.

**૪. અરજીની સ્થિતિનું ટ્રેકિંગ:** કઈ વેબસાઇટ પર ક્યારે અરજી કરી, કન્ફર્મેશન નંબર શું છે, જવાબ મળ્યો કે નહીં અને માહિતી ખરેખર દૂર થઈ છે કે નહીં તેનો રેકોર્ડ રાખી શકાય છે. AI સ્પ્રેડશીટ અથવા ટ્રેકિંગ ટેબલ તૈયાર કરવામાં મદદરૂપ બને છે. રિમાઇન્ડર અને સમયાંતરે તપાસ માટે સંબંધિત સુવિધા ઉપલબ્ધ હોવી જરૂરી છે. માત્ર પ્રોમ્પ્ટ લખવાથી આપમેળે સતત મોનિટરિંગ શરૂ થતું નથી.

આ ઉપરાંત, સોશિયલ મીડિયા પર બિનજરૂરી જાહેર વિગતો દૂર કરવી, મજબૂત અને અલગ પાસવર્ડ રાખવા, મલ્ટી-ફેક્ટર ઓથેન્ટિકેશન સક્રિય કરવું તથા શંકાસ્પદ લિંક્સથી દૂર રહેવું જોઈએ. સમયાંતરે અંગત માહિતી ફરી દેખાય છે કે નહીં તેની તપાસ કરવી પણ હિતાવહ છે.

### AI સહાયક છે, સંપૂર્ણ ઉકેલ નથી

AI માહિતી શોધવા, રિમૂવલ રિક્વેસ્ટ તૈયાર કરવા અને તેની સ્થિતિનો રેકોર્ડ રાખવા માટે ઉપયોગી સાધન બની શકે છે. તેમ છતાં, તે દરેક વેબસાઇટની માહિતી જોઈ શકે, દરેક અરજી મંજૂર કરાવી શકે કે સમગ્ર ઇન્ટરનેટ પરથી અંગત માહિતી સંપૂર્ણપણે દૂર કરી શકે તેની ખાતરી નથી. ડિજિટલ પ્રાઈવસી જાળવવા ટેક્નોલોજીનો સમજદારીપૂર્વક ઉપયોગ, સત્તાવાર પ્રક્રિયાની ચકાસણી અને વ્યક્તિગત સાવચેતી–ત્રણેય જરૂરી છે.

### સાવચેતીઓ

AIનો ઉપયોગ કરતી વખતે આધાર નંબર, પાન નંબર, બેંક ખાતાની વિગતો, પાસવર્ડ કે OTP જેવી સંવેદનશીલ માહિતી સામાન્ય ચેટમાં આપવાનું ટાળવું જોઈએ. AI દ્વારા મળેલી દરેક લિંક સાચી હોય જ એવું નથી, તેથી સત્તાવાર વેબસાઇટની ખાતરી કર્યા પછી જ અરજી કરવી.

### ડેટા રિમૂવલ એટલે સંપૂર્ણ સફાયો નહીં

કોઈ વેબસાઇટ પરથી માહિતી દૂર થવી અને સમગ્ર ઇન્ટરનેટ પરથી તે સંપૂર્ણપણે ભૂંસાઈ જવી–બંને અલગ બાબતો છે. એક ડેટા બ્રોકર પરથી પ્રોફાઇલ દૂર થયા પછી પણ અન્ય વેબસાઇટ્સ, જાહેર રેકોર્ડ્સ અથવા સોશિયલ મીડિયા પર એ જ માહિતી ઉપલબ્ધ હોઈ શકે છે. તેવી જ રીતે, Google Searchમાંથી કોઈ પરિણામ દૂર કરાવવાથી મૂળ વેબસાઇટ પરની માહિતી આપમેળે ડિલીટ થતી નથી. તેથી મૂળ સ્રોત અને અન્ય ઉપલબ્ધ પ્રોફાઇલની પણ જરૂર મુજબ તપાસ કરવી જરૂરી છે.

# OTTનો નવો વળાંક : સ્ટેન્ડઅલોન એપ્સથી એગ્રીગેટર સુધીની સફર

**વધતા કન્ટેન્ટ ખર્ચ અને કડક સ્પર્ધા વચ્ચે નાના OTT પ્લેટફોર્મ્સ માટે અસ્તિત્વની નવી વ્યૂહરચના**

ડિજિટલ મનોરંજનની દુનિયામાં OTT પ્લેટફોર્મ્સે છેલ્લા કેટલાક વર્ષોમાં ભારતીય દર્શકોની જોવાની આદતોમાં મોટો ફેરફાર કર્યો છે. પરંતુ હવે આ જ ક્ષેત્રમાં એક નવો ટ્રેન્ડ જોવા મળી રહ્યો છે. ખાસ કરીને નિશ અથવા મર્યાદિત કન્ટેન્ટ લાઈબ્રેરી ધરાવતા OTT પ્લેટફોર્મ્સ પોતાની અલગ એપ ચલાવવાને બદલે મોટા એગ્રીગેટર પ્લેટફોર્મ્સનો સહારો લઈ રહ્યા છે.વોર્નર બ્રધર્સ ડિસ્કવરીએ ભારતમાં પોતાના Discovery+ વિડિયો સ્ટ્રીમિંગ ઓપરેશનને બંધ કરવાનો નિર્ણય લીધો છે. કંપનીનું કન્ટેન્ટ હવે અલગ એપને બદલે Amazon Prime Video Channels, JioTV+, Jio TV, Tata Play Binge, Dish TV VZY અને Playbox TV જેવા પ્લેટફોર્મ્સ મારફતે દર્શકો સુધી પહોંચાડવાની દિશામાં આગળ વધી રહ્યું છે.




### 'અલગ એપ'નું અર્થતંત્ર હવે પડકારરૂપ

OTT ક્ષેત્રમાં માત્ર કન્ટેન્ટ ઉપલબ્ધ કરાવવું પૂરતું નથી. એપનું ટેક્નિકલ સંચાલન, માર્કેટિંગ, ગ્રાહકો મેળવવાનો ખર્ચ, પેમેન્ટ સિસ્ટમ, કન્ટેન્ટ નિર્માણ અને સતત નવા કન્ટેન્ટની જરૂરિયાત–આ બધું નાના પ્લેટફોર્મ્સ માટે ભારે પડી શકે છે. ખાસ કરીને પ્રીમિયમ કન્ટેન્ટના વધતા ખર્ચને કારણે નિશ OTT માટે પોતાનું અલગ પ્લેટફોર્મ ચલાવીને નફાકારકતા જાળવવી મુશ્કેલ બની રહી છે. વૈશ્વિક અને રાષ્ટ્રીય સ્તરના મોટા OTT ખેલાડીઓ સામે સ્પર્ધા પણ વધુ તીવ્ર બની છે.

### ભારતીય OTT બજારનું નવું ગણિત

ભારતમાં OTTનું બજાર વિશાળ છે, પરંતુ અહીં દર્શકોની પસંદગી પણ અત્યંત વૈવિધ્યસભર છે. ભાષા, પ્રદેશ, કન્ટેન્ટની કેટેગરી અને કિંમત પ્રમાણે દર્શકોની જરૂરિયાત બદલાય છે.નિશ પ્લેટફોર્મ્સ પાસે ઘણી વખત ચોક્કસ પ્રકારનું કન્ટેન્ટ હોય છે, પરંતુ તેને પ્રમોટ કરવા અને મોટી સંખ્યામાં સબસ્ક્રાઇબર્સ મેળવવા માટે જરૂરી ખર્ચ સામે આવકનું ગણિત બંધબેસતું નથી.

### નાના OTT માટે મોટો સવાલ

નાના OTT માટે સૌથી મોટો પડકાર માત્ર કન્ટેન્ટ બનાવવાનો નથી, પરંતુ ગ્રાહક સુધી પહોંચવાનો ખર્ચ છે. જો કોઈ પ્લેટફોર્મ પાસે મોટી કન્ટેન્ટ લાઇબ્રેરી, વિશાળ ગ્રાહક આધાર અને મજબૂત બ્રાન્ડ નથી, તો પોતાની અલગ એપનું અર્થતંત્ર લાંબા ગાળે મુશ્કેલ બની શકે છે.તેથી આગામી તબક્કામાં OTT ઉદ્યોગમાં માત્ર કન્ટેન્ટ કોણ બનાવે છે? તે જ નહીં, પરંતુ કન્ટેન્ટ દર્શક સુધી કોણ પહોંચાડે છે અને કયા ખર્ચે પહોંચાડે છે?

**આકાશમાં ઓફિસ, હવામાં મીટિંગ્સ!**

# વિમાનોમાં મફત હાઈ-સ્પીડ ઇન્ટરનેટથી બદલાતી મુસાફરીની દુનિયા

**સુવિધા કે સહપ્રવાસીઓ માટે નવી મુસીબત? હવાઈ મુસાફરીમાં હવે ઝૂમ મીટિંગ્સ-વીડિયો કૉલ્સનો વધતો ટ્રેન્ડ**

એક સમય હતો જ્યારે વિમાનમાં મુસાફરી કરવી એટલે દુનિયાની ભાગદોડથી થોડા કલાકોનો વિરામ મેળવવો. ફોનની રિંગટોનથી દૂર, ઈ-મેઈલના સતત આવતા સંદેશાઓથી મુક્ત અને કામના તણાવથી થોડું અંતર રાખીને પ્રવાસનો આનંદ માણવાની તક મળતી હતી. પરંતુ હવે આકાશમાં પણ ડિજિટલ દુનિયાએ પોતાનું સ્થાન મજબૂત બનાવ્યું છે. વિમાનોમાં મફત અને ઝડપી ઈન્ટરનેટની સુવિધા વિસ્તરી રહી છે, ત્યારે મુસાફરો માટે હવામાં રહીને પણ ઓફિસનું કામ કરવું, વીડિયો કૉલમાં જોડાવું અને ઝૂમ મીટિંગ યોજવી શક્ય બની રહી છે. જોકે, આ સુવિધા સાથે એક નવો પ્રશ્ન પણ ઊભો થયો છે–શું વિમાનની કેબિન હવે શાંત મુસાફરીનું સ્થળ રહેવાને બદલે હવામાં તરતી ઓફિસ બની જશે? આધુનિક જીવનમાં ઈન્ટરનેટ હવે વૈકલ્પિક સુવિધા નહીં, પરંતુ રોજિંદી જરૂરિયાત બની ગયું છે. ખાસ કરીને બિઝનેસ



ટ્રાવેલર્સ માટે મુસાફરી દરમિયાન પણ કામ સાથે જોડાયેલા રહેવું અગત્યનું છે. પરિણામે, મુસાફરોને ઈ-મેઈલ મોકલવા, ઓનલાઈન મીટિંગમાં જોડાવા કે જરૂરી દસ્તાવેજો મેળવવામાં મુશ્કેલી પડતી હતી. હવે સેટેલાઈટ આધારિત કનેક્ટિવિટી અને ઝડપી ઈન-ફ્લાઈટ ઈન્ટરનેટના વિસ્તરણથી આ સ્થિતિ બદલાઈ રહી છે. કેટલીક એરલાઈન્સ મુસાફરોને મેસેજિંગ, ઈન્ટરનેટ બ્રાઉઝિંગ અને વીડિયો કૉલ જેવી સુવિધાઓ પૂરી પાડવા તરફ આગળ વધી રહી છે.

### એકનો વીડિયો કૉલ, બીજાની શાંતિમાં ખલેલ

કલ્પના કરો કે તમે લાંબી ફ્લાઇટમાં બારી પાસેની બેઠક પર બેઠા છો. આસપાસ શાંતિ છે અને તમે આરામ કરવાનો પ્રયાસ કરી રહ્યા છો. એટલામાં બાજુની બેઠક પરથી કોઈ વ્યક્તિનો અવાજ સંભળાવા લાગે છે–'શું મારી સ્ક્રીન દેખાય છે?', 'આજે એજન્ડામાં ત્રણ મુદ્દા છે' અથવા 'આ ફાઇલ તમે શેર કરી શકો?'તમારી બાજુમાં બેઠેલી વ્યક્તિ કદાચ મહત્વપૂર્ણ મીટિંગમાં વ્યસ્ત હોય, પરંતુ આખી કેબિન માટે તેનો સંવાદ સાંભળવો અનિવાર્ય બની જાય છે. વિમાનમાં વ્યક્તિગત વાતચીતની ગોપનીયતા જાળવવી પણ મુશ્કેલ બની શકે છે.અહીં સવાલ માત્ર અવાજનો નથી. વીડિયો કોલમાં સામેલ વ્યક્તિની ઓફિસની ચર્ચાઓ, વ્યવસાયિક નિર્ણયો કે અંગત માહિતી અજાણ્યા મુસાફરો સુધી પહોંચી શકે છે. આમ, ઇન-ફ્લાઇટ કનેક્ટિવિટી સુવિધા વધારવાની સાથે ગોપનીયતા અને સહપ્રવાસીઓ પ્રત્યેની જવાબદારીનો મુદ્દો પણ મહત્ત્વનો બની રહ્યો છે.

## TECH BITES

### તહેવારોમાં નાના વેપારીઓની વેચાણ વૃદ્ધિમાં નોંધપાત્ર ઉછાળો

એમેઝોન ગ્રેટ ઈન્ડિયન ફેસ્ટિવલ 2026ના પ્રથમ સપ્તાહમાં નાના વેપારીઓએ સામાન્ય દિવસોની સરખામણીએ 3.5 ગણું વેચાણ નોંધાવ્યું છે. નવા વિક્રેતાઓના વેચાણ એકમોમાં 2.5 ગણાથી વધુ વૃદ્ધિ થઈ છે. રૂ. 10 લાખથી વધુ વેચાણ કરનારા નાના અને મધ્યમ વ્યવસાયોની સંખ્યામાં 350 ટકાનો વધારો નોંધાયો છે. મહિલા ઉદ્યોજકો સાથે જોડાયેલા કેટલાક વેપારીઓએ 10 ગણું વેચાણ મેળવ્યું, જ્યારે પરંપરાગત કારીગરોના વેચાણમાં 1.5 ગણો વધારો થયો. ટિયર-2 અને ટિયર-3 શહેરોના વેપારીઓનો સહભાગ 70 ટકાથી વધુ રહ્યો. જ્વેલરી, ફૂટવેર, ઓટોમોટિવ અને હોમ એપ્લાયન્સિસની શ્રેણીઓમાં પણ નોંધપાત્ર માંગ જોવા મળી.

### AI એજન્ટ્સ સુરક્ષા નિયમોને બાયપાસ કરી શકે છે?

AIની ક્ષમતાઓ સાથે તેની સુરક્ષાને લઈને પણ ગંભીર પ્રશ્નો ઊભા થયા છે. ઇમર્જન્સ AIના એક અભ્યાસમાં જાણવા મળ્યું કે AI એજન્ટ્સ એકબીજા સાથે મળીને સુરક્ષા પ્રતિબંધોને પાર કરવાનો પ્રયાસ કરી શકે છે. અભ્યાસ દરમિયાન અદ્યતન AI મોડલ્સ પર આઠ સિમ્યુલેશન ચલાવવામાં આવ્યાં હતાં. તેમાં કેટલીક પરિસ્થિતિઓમાં AI એજન્ટ્સ પરીક્ષણ દરમિયાન આપવામાં આવેલી વિરોધી સૂચનાઓ સાથે સક્રિય રીતે જોડાયેલા જોવા મળ્યા હતા. આ તારણો દર્શાવે છે કે AI સિસ્ટમ્સને માત્ર કાર્યક્ષમતાના આધારે નહીં, પરંતુ તેમની સુરક્ષા અને જવાબદારીના આધારે પણ તપાસવી જરૂરી છે. AIનો ઉપયોગ વધે તેમ મજબૂત સુરક્ષા વ્યવસ્થા, સતત દેખરેખ અને જવાબદારીપૂર્ણ વિકાસ અનિવાર્ય બનશે.

### AIથી યુવા વ્યાવસાયિકોની કારકિર્દી સામે પડકાર

AIના વધતા ઉપયોગથી યુવા વ્યાવસાયિકોની કારકિર્દીના પ્રારંભિક તબક્કા સામે પડકાર ઊભો થઈ રહ્યો છે. મુખ્ય આર્થિક સલાહકાર વી. અનંત નાગેશ્વરનના જણાવ્યા અનુસાર, AI મેનેજમેન્ટ ક્ષેત્રમાં પ્રવેશવાનો પરંપરાગત માર્ગ ખોરવી શકે છે. અગાઉ યુવાનોને શરૂઆતની નોકરીઓમાં નિયમિત કામગીરી કરતાં અનુભવ અને વ્યવસ્થાપન કૌશલ્ય શીખવાની તક મળતી હતી. હવે આવા ઘણા કાર્યો ઓટોમેશન દ્વારા થઈ શકે છે. પરિણામે, કારકિર્દીની શરૂઆતમાં જરૂરી તાલીમ અને અનુભવ મેળવવાની તકો ઘટી શકે છે. તેથી યુવાનો માટે ટેક્નોલોજી સાથે કામ કરવાની ક્ષમતા, સર્જનાત્મક વિચારસરણી અને નિર્ણય લેવાની કુશળતા વિકસાવવી વધુ મહત્ત્વપૂર્ણ બનશે.

### આવનારા સમયમાં મેપિંગ ક્ષેત્રે ડ્રોન ટેક્નોલોજીનો દબદબો

ડ્રોન નિર્માતા આઇડિયાફોર્જ ટેક્નોલોજીને ભારતીય સર્વેક્ષણ વિભાગ (સર્વે ઓફ ઇન્ડિયા) તરફથી Q6 V2 પ્રકારનાં માનવરહિત હવાઈ વાહનો (UAVs) માટે ઓર્ડર મળ્યો છે. આ ડ્રોનનો ઉપયોગ જમીનના સર્વેક્ષણ, નકશા તૈયાર કરવા અને ભૌગોલિક માહિતી એકત્રિત કરવા માટે કરવામાં આવશે. ડ્રોન દ્વારા મેળવવામાં આવતી હવાઈ તસવીરો અને ડેટાના આધારે જમીનની રચના, ભૌતિક લક્ષણો અને વિવિધ વિસ્તારોની ભૌગોલિક સ્થિતિનું ચોકસાઈપૂર્વક વિશ્લેષણ કરી શકાશે. આ ટેક્નોલોજી માળખાગત સુવિધાઓના આયોજન, વિકાસકાર્યો અને જમીનના વ્યવસ્થિત સર્વેક્ષણમાં ઉપયોગી સાબિત થશે. તેનાથી પરંપરાગત સર્વેક્ષણ પ્રક્રિયા વધુ ઝડપી અને અસરકારક બનવાની અપેક્ષા છે.

### ભારતીય કારીગરીને આધુનિક ફેશનનું નવું સ્વરૂપ

ગુજરાત, ઓક્ટોબર ૨૦૨૬: ભારતીય પરંપરાગત કાપડ અને હસ્તકલાને આધુનિક ફેશન સાથે જોડતી ધ ઇન્ડિયન એથનિક કો. (TIECo.) ગુજરાતમાં પોતાની ઓળખ મજબૂત બનાવી રહી છે. માતા-દીકરી હેતલ દેસાઈ અને લેખિની દેસાઈ દ્વારા સ્થાપિત આ બ્રાન્ડ હાથવણાટ, પરંપરાગત પ્રિન્ટિંગ અને કારીગરોની કુશળતાને પ્રોત્સાહન આપે છે. અમદાવાદ અને વડોદરામાં તેના સ્ટોર કાર્યરત છે. બ્રાન્ડના સહ-સ્થાપક હેતલ દેસાઈનો ગુજરાત સાથે વિશેષ સંબંધ છે. તહેવારોને ધ્યાનમાં રાખીને વડોદરામાં ૨૬ ઓક્ટોબર અને અમદાવાદમાં ૨૮ ઓક્ટોબરે વિશેષ ફેશન ઇવેન્ટ યોજાશે.
પરંપરા અને આધુનિકતાનો સમન્વય આ પહેલની વિશેષતા છે.